શાહરૂખ ખાન ગાંધીનગરમાં - બોલીવુડના લોકપ્રિય અભિનેતા શાહરૂખ ખાન ગુરૂવારે સવારે ગાંધીનગર આવી પહોંચતા ચાહકોમાં ખુશીની લહેર પ્રસરી હતી... રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની મુલાકાત દરમિયાન શાહરૂખ ખાને ફિલ્મી સીટીથી લઈ ફિલ્મ નિર્માણના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી...

મનપાના કર્મયોગીએ પોલીસ ફરિયાદમાં નામ દાખલ કરવા સામે

હડતાલની ચીમકી આપી

વડાપ્રધાનની સૂચિત યાત્રા, રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ પર વિપરીત અસરોને લઈ સત્તાધીશો ચિંતાતુર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં સ્થાયી સમિતિના વર્તનને લઈ ઉભા થયેલા વિવાદમાં ગઈકાલે ત્રણ કર્મચારીના નામ પોલીસ ફરિયાદમાં દાખલ કરવા અપાયેલ અરજી પછી આજે મનપાના કર્મચારીઓએ પણ કાલથી હડતાલ પર જવાની ચીમકી આપતાં વિવાદ વધુ ઘેરાયો છે.

કર્મચારીઓએ આજે આ અંગે મેયર, ડે. મેયર તેમજ મ્યુનિ. કમિશનરને આવેદન પત્ર આપી આ ચીમકી આપી છે.

એક તરફ પ્રધાનમંત્રી મોદીની મુલાકાત અને રથયાત્રાનુ પર્વ તેમજ ચોમાસાની ઋતુનો આરંભ થઈ ચુક્યો છે ત્યારે કર્મચારીઓએ આપેલી ચીમકી પછી તંત્ર અને સત્તાવાળાઓ પણ હવે આ મામલે ગંભીર બન્યા છે.

આજે કર્મચારીઓએ તમામ સેવાઓ ઠપ્પ કરવાની આપેલી ચીમકીને લઈ શાળા પ્રવેશોત્સવ વખતે જ રાજયના ઉચ્ચ અધિકારીઓ જોડાતા હોઈ સફાઈ સહિતની સેવાઓ સામે પ્રશ્નાર્થ ઉભા થયા છે.

આ પછી તુરત જ રથયાત્રાનું પર્વ છે અને બે દિવસ બાદ વડાપ્રધાન મોદી ગાંધીનગર આવી રહ્યા છે. આ સંજોગોમાં હવે સત્તાધીશો કેવુ વલણ લે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

ચોમાસા બાદ સેકટરોના આંતરિક માર્ગોનુ કામ શરૂ થશે

ટેન્ડર પ્રકીયા પૂર્ણ કરાઈ : નવા સેક્ટરોના આંતરિક માર્ગો ઉપરાંત જી આઇ ડી સી ના રસ્તાની સુધારણાનુ કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૨

શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચોમાસા બાદ શરૂ કરવામાં આવશે. સે-૧ અને ૨ માં આંતરિક માર્ગોની દશા સુધારવા માટે ટેન્ડર પ્રકીયા પુર્ણ કરી દેવાઈ છે. જયારે સે ૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં પણ ઉબડ ખાબડ માર્ગોની હાલત સુધારવા માટે પણ વરસાદી દિવસોના અંતે કામ હાથ ધરાશે. આ બન્ને કામગીરી પાછળ રૂ ૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે સે ૩ થી ૫ માં પણ આંતરિક માર્ગોનુ કામ હાથ ધરવા માટે ટુંકમાં જ પ્રકીયા આરંભી દેવાશે.

વરસાદી દિવસો પુર્વે જ શહેરમાં મોટાભાગના માર્ગોની દશા બેઠી છે. સેકટરોના આંતિરક માર્ગોનુ ધોવાણ થયેલુ જોવા મળે છે. અલબત્ત નિયત સમયના અંતે પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં ન આવતા છેલ્લા એક વર્ષથી સેકટરના માર્ગો ઉબડ ખાબડ બન્યા છે .જેના લીધે સ્થાનિક રહીશો પરેશાન છે. નવા સેકટરોમાં પાંચ વર્ષ અગાઉ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ હતુ. પરંતુ નિયત સમયના અંતે પણ માર્ગોની સુધારણા હાથ ન ધરાતા છેલ્લા ઘણાં સમયથી નવા સેકટરોના આંતરિક માર્ગો મગરની પીઠ સમાન બન્યા છે. જયારે વરસાદી દિવસો પુર્વે તંત્ર દ્વારા માર્ગોને થાગડ થીગડ કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. ચોમાસા બાદ કામ શરૂ કરવામાં આવશે. આ માટે સે-૧ અને સે -૨ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. આ માટે ટેન્ડર પ્રકીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સે- ૩ થી ૫ માં પણ માર્ગોની સુધારણા માટે કામ હાથ ધરાશે. જયારે સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં પણ દાયકાઓના અંતે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ ૧.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે ચ થી જ માર્ગને જોડતા રોડ નં ૪ બી ને અનુલક્ષી સેન્ટ્રલ વર્જનુ કામ પણ હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૮ લાખનો ખર્ચ કરવામાં આવશે. શહેરમાં નવા અને જુના સેકટરોમાં આંતરિક માર્ગોની દશા બેઠી છે. ત્યારે ચોમાસાને ધ્યાને લઈ ત્રણ મહીના માર્ગોનુ કામ હાથ ધરી શકાય તેમ ન હોવાથી રસ્તા સુધારણાની કામગીરી વરસાદી દિવસો બાદ હાથ ધરાશે.

ગણિત-વિજ્ઞાનના શિક્ષણ માટે પ્રવાસી શિક્ષકોની વ્યવસ્થા સઘન બનાવવા મુખ્ય સચિવની સલાહ

બોરીજ પ્રા. શાળાના પ્રવેશોત્સવમાં મુખ્ય સચિવની માર્ગદર્શક વાતો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારની શાળાઓના ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં જોડાયેલા રાજયના મુખ્ય સચિવ જે.એન. સિંઘે વાલીઓની જાગૃતતા પર વિશેષ ભાર મુકયો હતો તેમજ શિક્ષકોને પણ ગુણવત્તાસભર શિક્ષણ બાળકોને મળે તે જોવા ટકોર કરી તંત્રને ગણિત-વિજ્ઞાનના શિક્ષણ માટે પ્રવાસી શિક્ષકની વ્યવસ્થા સઘન થાય તે જોવા અનુરોધ કર્યો હતો.

ગાંધીનગરના ગોંદરે વસેલ બોરીજ ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવના કાર્યક્રમને લઈ ગયેલા મુખ્ય સચિવશ્રીએ શાળાની માળખાકીય સુવિધાઓ અંગે સંતોષ વ્યકત કર્યો હતો પરંતુ ગણિત-વિજ્ઞાન માટેના શિક્ષણમાં પ્રવાસી શિક્ષકોની વ્યવસ્થા સઘન બને તે જોવા માટે તંત્રના અધિકારીઓને સૂચવ્યું હતું.

ગાંધીનગરમાં સીધી ભરતી નહિ થતી હોવાનું કારણ તંત્રના અધિકારીઓએ રજુ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ મુખ્ય સચિવશ્રીએ પ્રવાસી શિક્ષકો તો મોકલી શકાય તેવા વિકલ્પ પર વિચારણા કરો તેમ કહ્યું હતું.

તેમની સાથે રહેલા તેમના ધર્મપત્ની શ્રીમતી મીનાસિંઘે બાળકોને પુસ્તક ખોલવા અને વાંચન કરવા સહિતની નાની ટિપ્સ આપી બાળકોને આંખની ખામી હોવાનું તારણ રજુ કરી જરૂરી ચેક અપ બાળકોનું થાય તેવું સૂચન કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

બોરીજમાં ઈવનીંગ સ્કૂલ ટુંકમાં શરૂ કરાશે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૨

બોરીજ ખાતે ઈવનીંગ સ્કૂલ શરૂ કરવા અંગેના સંકેતો આજે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આપી આ અંગે તાત્કાલિક વાલીઓ સાથે બેઠક યોજવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

પ્રવેશોત્સવ સંપન્ન થયા બાદ તેમણે બાળકોના શૈક્ષણિક મૂલ્યાંકનને લઈ મુખ્ય સચિવશ્રીની ચિંતાને ગંભીરતાથી તાત્કાલિક વાલીઓની બેઠક યોજવા અને ઈવનીંગ શાળા શરૂ કરવાની તૈયારી કરવા જણાવ્યું હતુ.

તેમણે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ સાથે ગામના બાળકોને રસ્તાની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે સ્થળની પણ મુલાકાત ચાલીને લીધી હતી. તેમણે શાળાથી સ્થળ સુધીની પદયાત્રા દરમ્યાન ગંદકી દૂર કરવા રહીશોને જણાવ્યુ હતુ તેમજ મનપાના અધિકારીઓને પણ પેવર બ્લોકની કામગીરી સાથે વૃક્ષારોપણ થાય તે જોવા જણાવ્યુ હતુ.

આજના પ્રવેશોત્સવ પર્વે તેમણે ધો. ૨ના બાળકો સાથે મન મૂકીને વાતો કરી તેમનુ શૈક્ષણિક મૂલ્યાંકન તદ્દન હળવી પળોમાં કરી પરીક્ષાનો ભય નહિ રાખવા બાળકોને શીખવ્યુ હતુ.

સ્થાયી સમિતિએ બાંકડાઓનું ટેન્ડર રદ કર્યુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં સે. ૩૦ સ્થિત મુક્તિધામમાં આવેલ જુદી જુદી મૂર્તિઓના રિનોવેશનની કામગીરીને સ્થાયી સમિતિએ મંજૂરી આપી છે.

આજે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મનપા ખાતે મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જ્યારે મનપા વિસ્તારમાં બાંકડા મુકવા અંગેનુ ટેન્ડર રદ કરવા અને રિટેન્ડરીંગ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજની આ બેઠકમાં સ્વચ્છતાની કામગીરીની સમીક્ષા માટે સમિતિ બનાવવાનો પણ ચોંકાવનારો નિર્ણય લેવાયો છે. આજની આ બેઠકમાં સ્વચ્છતાની કામગીરી અંગે ખાસ સમીક્ષા કરવાનો એજન્ડામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

બહિયલમાં વધુ ૨૦ કેસ મળ્યા પાંચ તાવના દર્દી મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૨

દહેગામ તાલુકાના બહિયલમાં રોગચાળાની પરિસ્થિતિ યથાવત રહેવા પામી છે. આજે પણ ૨૦ જેટલા કેસ નોંધાયાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત ઝાડા-ઉલ્ટીનો ભોગ બનેલ પાંચ જેટલા દર્દીઓ તાવમાં સપડાયેલા મળી આવ્યા છે. આ પૈકી ૧ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવેલ છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ કરવામાં આવી રહ્યુ છે. એટલુ જ નહિ પંચાયત દ્વારા પણ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

ભગવાનની રથયાત્રામાં ૭૫ વાહનો જોડાશે

ટેબ્લો, ગજરાજ અને ઘોડાની બગી પણ આકર્ષણનુ કેન્દ્ર બનશે : રથયાત્રા મહોત્સવમાં જગન્નાથજીના નગરભ્રમણ સાથે પર્યાવરણ બચાવોનો સંદેશ : પ્રસંગોચિત્ત સિવાય અન્ય કોઇ સુત્રો ન બોલવા ભાવિકોને વિનંતી : જલારામ ધામ સ્થિત મોસાળમાં ૮ હજાર ભાવિકો માટે મહાપ્રસાદ

ગાંધીનગર તા ૨૨

અષાઢી બીજના રોજ શહેરના પંચદેવ મંદિર ખાતેથી સવારે ૭ કલાકે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા પ્રસ્થાન કરશે. નગરમાં

યોજાનારી ૩૩ મી રથયાત્રા ૨.૫ કી મી લાંબી રહેશે. જયારે રથયાત્રામાં હાથી ઘોડા અને કલાત્મક બગી ઉપરાંત ૭૫ જેટલા વાહનો જોડાશે. રથયાત્રા દરમિયાન ધાર્મિક સિવાય અન્ય કોઈ સુત્રો ન બોલવા પણ રથયાત્રા સમિતિએ નગરજનોને અપીલ કરી છે. જયારે રથયાત્રા દરમિયાન શિસ્ત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેની તકેદારી રાખવા માટે પણ સમિતિએ ભાવિકોને જણાંવ્યુ છે. કાષ્ટમાંથી તૈયાર કરાયેલી ભગવાન જગન્નાથજીની મુર્તિ નગરજનોને પર્યાવરણ બચાવોનો સંદેશો આપશે.

રથયાત્રાના પર્વ દરમિયાન પર્યાવરણની જાળવણી અંગે નાગરિકોને જાગૃત કરવાનો આશય પણ મુખ્ય હોય છે.

રથયાત્રા સમિતિના અધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યુ હતુ કે વૃક્ષોમાં પણ ભગવાનનો વાસ હોય છે. જયારે સામાન્ય રીતે મુર્તિ આરસની હોય છે. પરંતુ રથયાત્રામાં ભગવાનની મુર્તિ કાષ્ટની હોય છે. જે એકરીતે પર્યાવરણની જાળવણીનો સંદેશો પણ પાઠવે છે. આગામી અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નિકળશે. રથયાત્રા સમિતિના અધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી, મંત્રી દિનેશ કાપડીયા કોષાધ્યક્ષ રજની શર્મા તેમજ અરૂણ બુચે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે રથયાત્રાને અનુલક્ષી ભગવાનના રથને સુશોભિત કરી દેવાયો છે. જયારે રથયાત્રામાં ભગવાનના રથ ઉપરાંત વડોદરા સ્થિત છાણી ખાતેના હનુમાનજી મંદિરનો હાથી તેમજ ઘોડા અને બગીઓ પણ રથયાત્રામાં આકર્ષણનુ કેન્દ્ર બનશે. આ ઉપરાંત રથયાત્રામાં અનેક સંસ્થાઓ ઉપરાંત ૭૫ વાહનો તેમજ ૧૫ ટેબલા જોડાશે. જેમાં ૧૨ ઉંટલારી અને ૨ ઘોડાની બગીઓ ટ્રેકટર અને ટ્રક સહીતના વાહનો પણ રથયાત્રામાં જોડાશે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા ૨.૫ કી મી લાંબી રહેશે. રથયાત્રા શાંતિપુર્ણ અને શિસ્તબધ્ધ માહોલમાં યોજાય તે માટે જરૂરી તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. નવ વિકસિત સેકટરના રહીશો પણ રથયાત્રામાં ઉત્સાહભેર જોડાવવા માટે પણ સમિતિએ જણાંવ્યુ છે. રથયાત્રા દરમિયાન જય રણછોડ માખણચોર જેવા

● અનુસંધાન પાન-૭ પર

ભાવિકો માટે ૧૫૦૦ કીલો કાકડી - જાંબુ અને મગના પ્રસાદ તૈયાર કરાશે

રથયાત્રાના આડે હવે માત્ર બે દિવસ જ બાકી રહયા છે. ત્યારે ભગવાન જગન્નાથજીના આ પર્વને અનુલક્ષી ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહયો છે. રથયાત્રા સમિતિ દ્વારા પણ જરૂરી તમામ તૈયારીઓ પણ કરી દેવાઈ છે. ભગવાના રથને સુશોભિત કરી દેવાયો છે. જયારે રથયાત્રા દરમિયાન ભાવિકો માટે કાકડી જાંબુ અને મગનો પ્રસાદ તૈયાર કરવામાં પણ ભાવિક મહીલાઓ વ્યસ્ત છે. રથયાત્રા દરમિયાન ભાવિકોને ૨૫૦ કીલો જાંબુ, ૨૫૦ કીલો કાકડી તેમજ ૧૨૦૦ કીલો મગના પ્રસાદનુ વિતરણ કરવામાં આવશે.

જાહેર વિજ્ઞપ્તી

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં. ૧ ગાંધીનગર તરફથી જણાવ્યા અનુસાર આગામી ચોમાસા દરમિયાન સંત સરોવર (ઈન્દ્રોડા) બેરેજના દરવાજા બંધ કરી પાણીનો સંગ્રહ કરવામાં આવનાર છે. તેમજ ચોમાસા ૨૦૧૭ દરમિયાન ઉપરવાસમાંથી સાબરમતી નદીમાં આવરો થનાર વરસાદી / પુરના પાણી સલામતીના કારણોસર આવશ્યકતા અનુસાર બેરેજના નીચવાસમાં પુર નિયંત્રણ સારું પાણી કોઈપણ સમયે છોડવું પડશે. જેથી સમગ્ર સાબરમતી નદીના પટ વિસ્તારમાં રહેતા તમામ ગ્રામજનોએ ચોમાસા દરમિયાન સાવચેતીના પગલારૂપે ઉંચાણવાળી જગ્યાએ ખસી જવા વિનંતી કરવામાં આવે છે. વિશેષમાં ચોમાસા દરમિયાન સાબરમતી નદીના પટમાં અવર-જવર કરવી સલામતીની દૃષ્ટિએ યોગ્ય નથી અને તેની સાબરમતી નદીના પટ વિસ્તારનો ઉપયોગ કરવો નહીં. તથા ઢોરા ઢાંખરને પણ નદીમાં છુટા મુકવા નહીં. જેની સૌ લાગતા વળગતાઓએ ગંભીરતાથી નોંધ લેવી. અન્યથા જાન, માલસામાન, ઘરવખરીના નુકસાન અંગેની સંપૂર્ણ જવાબદારી સૌ સોની અંગત રહેશે.

માહિતી/૮૪૧/૧૭-૧૮

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com